GJAH230000372025

C.C. No.23/2025
Ex. No.

सत्यमेव जयते

(નમુનો:- અ)

ધોલેરાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી પી.એન. લાખાણી સાહેબની કોર્ટમાં, મુ. ધોલેરા, જી. અમદાવાદ(રૂરલ)		
ચુકાદાની તારીખ	:	૦૧/૦૪/૨૦૨૬
ફોજદારી કેસ નંબર	:	૨૩/૨૦૨૫
પોલીસ સ્ટેશન/ એફ.આઇ. આર.નંબર	:	૧૧૧૯૨૦૧૯૨૪૦૨૪૩/૨૦૨૪
ગુનો	:	બી.એન.એસ. ની કલમ-૨૮૧, ૧૦૬(૧) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ

ફરીયાદી	:	રાજેશભાઇ કનુભાઇ ચુનારા, રહે.નાંદોલી, તા. માતર, જી. ખેડા.
ફરીયાદીના વિ.વ.શ્રી.	:	વિ.એ.પી.પી.શ્રી ડી. બી. રાઠોડ
આરોપી	:	નવલસંગ ઉર્ફે અતુલ કુંવરસંગ બોરીયા, રહે. પ્લોટ નં-૧૧૫, રાજેશ્વરી પાર્ક, નારી ગામ, તા. જી. ભાવનગર.
આરોપીના વિ.વ.શ્રી	:	વિ.વ.શ્રી નિતીન એમ. ખસીયા

(નમુનો:- બ)

ગુનાની તારીખ	:	૦૧/૧૦/૨૦૨૪
ફરીયાદની તારીખ	:	૦૧/૧૦/૨૦૨૪
ચાર્ઝશીટની તારીખ	:	૧૦/૦૨/૨૦૨૫
ચાર્ઝફ્રેમ/પ્લી તારીખ	:	૧૪/૦૮/૨૦૨૫
પુરાવો શરૂ થયાની તારીખ	:	૧૫/૧૦/૨૦૨૫

ચુકાદો માટે રાખવાની તારીખ	:	૧૧/૦૩/૨૦૨૬
ચુકાદાની તારીખ	:	૦૧/૦૪/૨૦૨૬
સજા કરી હોય તો સજા તારીખ	:	-

:આરોપીની વિગત:

નં.	આરોપીનું નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડયા તારીખ	ગુનો	તકસીરવાન/ નિર્દોષ	સજા	Crpc: 428 માટે કસ્ટડીમાં રહેલ સમય
૧	નવલસંગ ઉર્ફે અતુલ કુંવરસંગ બોરીયા	૦૩/૧૦/૨૦૨૪	૦૩/૧૦/૨૦૨૪	બી.એન.એસ. ની કલમ-૨૮૧, ૧૦૬(૧) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી)	શંકાના લાભ સાથે છોડી મુકયા	-	-

(નમુનો :- ક)

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

અ.નં.	મૌખિક પુરાવો	આંક
૧.	પંચ સાહેદ નરેશભાઇ વેલાભાઇ ધરજીયાની જુબાની	૦૭
૨.	પંચ સાહેદ વિપુલભાઇ ગગજીભાઇ પરમારની જુબાની	૦૯
૩.	ફરીયાદી રાજેશભાઇ કનુભાઇ ચુનારાની જુબાની	૧૧
૪.	સાહેદ સુધાબેન ધનશ્યામભાઇ ચુનારાની જુબાની	૧૩
૫.	સાહેદ મંજુલાબેન મનુભાઇ ચુનારાની જુબાની	૧૬
૬.	સાહેદ મનુભાઇ નટુભાઇ ચુનારાની જુબાની	૧૭
૭.	સાહેદ રમીલાબેન પ્રહલાદભાઇ ચુનારાની જુબાની	૧૮
૮.	સાહેદ પ્રહલાદભાઇ છગનભાઇ ચુનારાની જુબાની	૧૯
૯.	ત.ક.અ. પી. ડી. જાનીની જુબાની	૨૪

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:

(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ

અ.નં.	દસ્તાવેજી પુરાવો	આંક
૧.	પંચનામું	૦૮
૨.	ફરીયાદ	૧૨
૩.	ઇન્કવેસ્ટ પંચનામું	૨૨
૪.	પી.એમ. નોટ	૨૩
૫.	સ્થળ પરીક્ષણ અહેવાલ	૨૫
૬.	અકસ્માત ઇન્સપેકશન રીપોર્ટ	૨૬
૭.	વાહનની આર. સી. બુકની નકલ	૨૭
૮.	વીમા પોલીસીની નકલ	૨૮
૯.	પી.યુ.સી.ની નકલ	૨૯

-:: ચુ કા દો ::-

(૧) આરોપી સામે બી.એન.એસ. ની કલમ-૨૮૧, ૧૦૬(૧) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ ફરીયાદીએ દાખલ કરેલી છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, તા. ૦૧/૧૦/૨૦૨૪ ના કલાક ૯.૩૦ વાગે મોજે ધોલેરા ભાવનગર હાઇવે રોડ ઉપર બાવળીયારી ગામ નજીક આ કામના આરોપીએ પોતાના કબજાની ઇકો ફોર વ્હીલ ગાડી નં-જી જે ૧૭ એન ૭૩૪૮ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી, રોંગ સાઇડમાં જઇ સામેથી ચાલતા આવતા ફરીયાદીના પત્ની મરણ જનાર સોનલબેન વા/ઓ રાજેશભાઇ કનુભાઇ ચુનારા સાથે ભટકાડી અકસ્માત કરી, માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડતા, સારવાર માટે પી.એસ.સી. અધેળાઇ ખાતે લઇ જતાં, ફરજ પરના ડોકટરશ્રીએ મરણ જાહેર કરતા અને આમ કરી ફરીયાદીના પત્નીનું મૃત્યુ નિપજાવી પોતાની ઇકો ફોર વ્હીલ ગાડી સ્થળ ઉપર મુકી નાસી જઇ બી.એન.એસ. ની કલમ-૨૮૧, ૧૦૬(૧) તથા મોટર વ્હીકલ

અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો ગુનો કરેલો છે અને તે મતલબની ફરીયાદ ફરીયાદીએ ધોલેરા પોલીસ સ્ટેશનમાં આપેલી છે.

(૩) ફરિયાદીએ આપેલ ફરીયાદના આધારે આરોપી સામે ચાર્ઝશીટ દાખલ થયા બાદ, આરોપીને સમન્સ કરતાં, આરોપીને સમન્સ બજી ગયેલ અને આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ અને ત્યારબાદ આરોપી સામે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક-૦૫ થી પ્લી લેવામાં આવેલ જેમાં તેઓએ તેમની સામેના ગુનાનો ઇનકાર કરેલો અને સબબ કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ. જેથી, સદરહું ફરીયાદીનું કામ, ફરીયાદ પક્ષના પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલ.

(૪) દરમ્યાન ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત "નમુના અ" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ અને ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયેલાનું જાહેર થયા બાદ આરોપીના બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૮ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તેઓને પુછવામાં આવેલ આક્ષેપોને નકારેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે , તેઓ ગરીબ માણસ છે અને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. તેઓ બાળ બચ્ચા વાળા માણસ છે અને તેઓ પર દયા કરવા અરજ ગુજારેલી છે.

(૫) બચાવપક્ષ ધ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી.

(૬) સદર કામે ફરીયાદ પક્ષ તરફે તેમજ બચાવ પક્ષ તરફે વિગતવારની મૌખિક દલીલો સાંભળવામાં આવી. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દલીલ કતા જણાવે છે કે આ કામે આરોપી સામે બી.એન.એસ. ની કલમ-૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. સદરહું કામે પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે. પંચો અકસ્માતમાં સંડોવાયેલ ઇકો વાહનને પણ ઓળખી બતાવે છે. ફરીયાદીની જુબાનીથી પણ અકસ્માત બનેલાનું પુરવાર થાય છે. ફરીયાદી વાહનનો નંબર ઓળખી બતાવે છે. અન્ય સાહેદોની જુબાની જોતાં તેઓ પણ અકસ્માતની હકીકતને સમર્થન કારી જુબાની આપે

છે તેમજ વાહનનો નંબર પણ ઓળખી બતાવતા હોય અને આરોપીની બેદરકારીના લીધે જ અકસ્માત થયેલો હોય આરોપી સામેનો કેસ ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ નીવડેલ છે અને તેથી આરોપીને નસીહત મળે તેવી કડક સજા કરવા અરજ ગુજારેલી છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી એન.એમ.ખસીયા દલીલ કરતા જણાવે છે કે, હાલના કામના પંચોએ તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત સ્વીકારેલી છે. ફરીયાદી તેમજ સાહેદોની જુબાનીથી આરોપીની ઓળખ પુરવાર થતી નથી. અકસ્માતનો બનાવ હાલના આરોપીના કસુરને કારણે થયેલ હોય તેવો કોઇ નજરે જોનાર સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. બનાવ વાળી જગ્યા જાહેર સ્થળ છે, ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા, ને માત્ર ફરીયાદી અને તેના પરિવાર ના જ નિવેદન લીધેલા છે અને કોઇ અન્ય સ્વતંત્ર સાહેદો ના નિવેદન લેવામાં આવેલા નથી. આરોપી એ ગુનો આચરેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલી છે. આવો કોઇ બનાવ બનેલ ન હોવા છતાં અમને ખોટી રીતે સંડોવી દીધેલ છે.

(૭) બંને પક્ષોની દલીલો, પ્લીડીંગ્સ, પુરાવા તથા તમામ રેકર્ડ ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

-:મુદાઓ:-

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૦૧/૧૦/૨૦૨૪ ના કલાક ૯.૩૦ વાગે મોજે ધોલેરા ભાવનગર હાઇવે રોડ ઉપર બાવળીયારી ગામ નજીક આ કામના આરોપીએ પોતાના કબજાની ઇકો ફોર વ્હીલ ગાડી નં-જી જે ૧૭ એન ૭૩૪૮ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી, રોંગ સાઇડમાં જઇ સામેથી ચાલતા આવતા ફરીયાદીના પત્ની મરણ જનાર સોનલબેન વા/ઓ રાજેશભાઇ કનુભાઇ ચુનારા સાથે ભટકાડી અકસ્માત કરી, માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડતા, સારવાર માટે પી.એસ.સી. અધેળાઇ ખાતે લઇ જતાં, ફરજ પરના ડોકટરશ્રીએ

મરણ જાહેર કરતા અને આમ કરી ફરીયાદીના પત્નીનું મૃત્યુ નિપજાવી પોતાની ઇકો ફોર વ્હીલ ગાડી સ્થળ ઉપર મુકી નાસી જઇ બી.એન.એસ. ની કલમ-૨૮૧, ૧૦૬(૧) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલો છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૯) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

- :: કારણો :: -

મુદા નં- ૧ અને ૨:-

આ કામે ઉપરોકત મુદદાની અને આ કેસની ગુણદોષની ઉપર ચર્ચા કરતા પહેલા કાનુની સિધ્ધાંતને ધ્યાનમાં લેતાં ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં પુરાવાનો બોજ હંમેશા ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષ પોતે વ્યાજબી પ્રકારની શંકાથી પર રહીને (BEYOND A REASONABLE DOUBT) પોતાની હકીકત પુરવાર કરવાની હોય છે. જયારે આરોપીએ પોતે પોતાનો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાની કોઇ જરૂરીયાત રહેતી નથી પરંતુ ફરીયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી પ્રકારની શંકા ઉત્પન્ન કરવાની હોય છે. પુરાવાનો બોજ અપવાદરૂપ કીસ્સા સિવાય કયારેય ફરીયાદપક્ષ ઉપરથી આરોપી તરફ ઢળતો નથી અને શંકાનો લાભ હંમેશા આરોપીને મળે છે પરંતુ એવું માની શકાય નહિં કે ફરીયાદપક્ષે પોતાનો કેસ તમામ પ્રકારનીશંકાઓથી પર રહીને સાબિત કરવો પડે. ફરીયાદપક્ષે પોતાનોકેસ વ્યાજબી પ્રકારની શંકા(REASONABLE DOUBT) થી પર સાબિત કરવાનો રહે છે અને બચાવપક્ષ ધ્વારા એવો બચાવ લેવામાં આવે કે જે ફરીયાદપક્ષના કેસ સાથે સુસંગત નથી અથવા કેસના સંજોગોમાં તેવો બચાવ શકય જ નથી ત્યારે તેવા બચાવના આધારે ફરીયાદપક્ષના કેસને કાઢી શકાય નહી.

(૧૦) ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને હાથ પરનો કેસ જોવામાં આવે

તો, આ કામે પંચ સાહેદ નરેશભાઇ વેલાભાઇ ધરજીયાને આંક-૦૭ થી તપાસવામાં આવેલા છે. જેઓ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

"હું ૨૦૨૪ ની સાલમાં પોલીસ મારા ગલ્લે આવેલી અને મને બોલાવેલ. ત્યાં નજીક માં આવેલ નાળા પાસે ઇકો ગાડી અને જાત્રા વાળા ચાલી ને જતા હતા તેનુ એકસીડન્ટ થયેલ ત્યાં બોલાવેલા. ત્યાં એકસીડન્ટ થયેલુ હતુ અને પોલીસ પંચનામુ કરતા હતા અને ત્યાં કોઇ બેન ને વાગેલુ હતુ. આ બનાવ વાળી જગ્યા હેબતપુર-બાવળીયાળી વચ્ચે આવેલી છે અને મારા ગલ્લા થી થોડે દુર આવેલી છે. આ સ્થળ ઉપર સફેદ કલરની ઇકો ગાડી પડેલી મેં જોયેલી. આ ઇકો ગાડી ના નંબર શું હતા તે મને યાદ નથી. ત્યારબાદ પોલીસે મારી પંચનામા માં સહી કરાવેલી. મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છું જે રજુ દા.આંક-૦૮. આ સીવાય હું બીજુ કંઇ જાણતો નથી. "

સદરહું પંચ સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે,

"એ વાત ખરી છે કે એક તૈયાર લખેલ કાગળ માં પોલીસે મને સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી, આ સીવાય હું કંઇ જાણતો નથી."

(૧૧) આ કામે પંચ સાહેદ વિપુલભાઇ ગગજીભાઇ પરમારને આંક-૦૯ થી તપાસવામાં આવેલા છે. જેઓ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

"હું ૨૦૨૪ ની સાલમાં હું રાજપુર ના પાટીયા પાસે ગલ્લે બેઠેલો હતો ત્યારે પોલીસે મને બોલાવેલ. ત્યાં નજીકમાં નાળા પાસે લેડીસ નો અકસ્માત થયેલો ત્યાં બોલાવેલ. આ અકસ્માત બાવળીયાળી થી રાજપુર ના પાટીયા પાસે આવેલ બ્રીજ પાસે બનેલો હતો. આ જગ્યા મેં જોયેલી. ત્યાં સફેદ કલર ની ઇકો ગાડી પડેલી હતી. આ જગ્યાએ બાવળીયાળી ધોલેરા નો રસ્તો આવે છે. ઇકો ગાડી ધોલેરા મોઢે પડેલી હતી. આ ઇકો ગાડી નો નંબર શું હતો તેની મને ખબર નથી. આ ઇકો ગાડી નો આગળ નો કાચ તુટેલો હતો. આ પંચનામુ પોલીસે મારી હાજરીમાં કરેલુ અને ત્યારબાદ પંચનામા માં મારી સહી લીધેલી. પંચનામુ કર્યુ ત્યારે મારી સાથે બીજા પંચ તરીકે નરેશભાઇ હતા અને બીજા પોલીસ ના માણસો હતા. મને આંક-૮ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છું. "

સદરહું પંચ સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે,

"એ વાત ખરી છે કે હું રાજપુર ના પાટીયે હતો ત્યાં પોલીસે મને સહી કરવાનું કહેલુ એટલે મેં સહી કરેલી. એ વાત ખરી છે કે હું અને નરેશભાઇ રાજપુરના પાટીયે ગલ્લે હતા, ત્યાં પોલીસે મને તૈયાર લખેલ કાગળ માં સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. "

(૧૨) આ કામે ફરીયાદી રાજેશભાઇ કનુભાઇ ચુનારાને આંક-૧૧ થી તપાસવામાં આવેલા છે. જેઓ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

"બનાવ તા. ૦૧/૧૦/૨૦૨૪ ના રોજ બનેલો. બનાવ ના દિવસે હું ,તથા મારા પત્ની સોનલબેન તથા સુધાબેન અને અમારા કુટુંબના બીજા માણસો અમારા ગામ નાદોલી થી ભાવનગર ખોડીયાર મંદિરે પગપાળા દર્શન કરવા જતા હતા. આ વખતે સવારના સાડા નવ વાગ્યાની આસપાસ અમે બાવળીયાળી થી અળધો કીલોમીટર દુર હતા અને ભાવનગર બાજુ રોડ ની ડાબી સાઇડે ચાલી ને જતા હતા. અમે બધા લોકો નજીક નકજી માં આગળ પાછળ

ચાલતા જતા હતા. આ વખતે સામે થી એક ટ્રક આવતી હતી અને તે ટ્રક ની ઓવરટેક એક ઇકો ગાડી વાળા એ કરેલી અને તે ઇકો ગાડી આવી ને સીધી અમારી સાથે ભટકાવી દીધેલી. આ બનાવ માં મારા પત્નીને હકો ગાડી એ હડફેટે લીધેલ. સદર ઇકો ગાડી સફેદ કલર ની હતી, આ ઇકો ગાડી નો નંબર જી.જે. ૧૭ – ૭૩૪૮ નો હતો. આ વખતે આ ઇકો ગાડી વાળો પોતાની ગાડી લઇ ત્યાંથી જતો રહેલો અને થોડી આગળ ગાડી મુકી ચાવી અને આધારકાર્ડ મુકી જતો રહેલો. જેથી ચાવી અને આધારકાર્ડ અમે ધોલેરા પોલીસ સ્ટેશન માં જમા કરાવી દીધેલા. આ અકસ્માત માં મારા પત્ની સ્થળ ઉપર જ અવસાન પામેલા. આ બનાવ માં બીજા કોઇ ને ઇજા થયેલી નહિં. અકસ્માત કરનાર વાહન ના ચાલક નું નામ શું હતુ તે મેં પાછળ થી જાણેલુ નહિં. ત્યારબાદ મેં પોલીસ સ્ટેશને આ બાબતની ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છું જે અસલ ફરીયાદ રજુ દા.આંક-૧૨. "

સદરહું ફરીયાદીની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે,

"હું ધોરણ – ૩ સુધી ભણેલો છું. અમે પગપાળા આશરે ૧૦૦ જેટલા માણસો ચાલી ને જતા હતા. એ વાત ખરી છે કે તમામ લોકો ચાલી ને જતા હોય, જેથી બે–ચાર લોકો, બે–ચાર લોકો ટોળકીમાં ચાલીને જતા હતા. એ વાત ખરી છે કે રોડે ચાલી ને જતા હોય, એટલે રોડની ઉપર પટ્ટો બનાવેલો હોય. એ વાત ખરી છે કે લાઇન માં માણસો ચાલી ને જતા હોય, જેથી ત્રણ-ચાર ફુટ ની જગ્યા રોકે. એ વાત ખરી નથી કે અકસ્માત ટ્રક વાળા ની ભુલ ના કારણે બનેલો. સાહેદ જણાવે છે કે આ ઇકો ગાડી વાળો આગળ એક જગ્યાએ ઠોકી ને આવેલો અને પીધેલી હાલતમાં પણ હતો. એ વાત મને યાદ નથી કે મેં મારી પોલીસ ફરીયાદ માં ચાલક પોતાનું આધારકાર્ડ અને ગાડી ની ચાવી પોલીસ ને આપેલી. એ વાત મને યાદ નથી કે સામેથી એક ટ્રક આવતી હતી તેવુ પણ મેં પોલીસ ફરીયાદ માં લખાવેલુ નથી કે કેમ.

એ વાત ખરી છે કે બનાવ સમયે અકસ્માત થતાં અમારા સંઘના બધા માણસો ત્યાં ભેગા થઇ ગયેલા. અમે પોલીસ સ્ટેશને ચાર-પાંચ લોકો ગયેલા. એ વાત ખરી છે કે મારી સાથે ના માણસો પોલીસ વાળા ને જણાવતા હતા અને પોલીસ લખતા હતા. સાહેદ જણાવે છે કે સરપંચ હતા તેણે લખાવેલી અને મને કંઇ બોલવા દીધેલ નહિં. એ વાત ખરી છે કે ત્યારબાદ લખાણ તૈયાર થઇ ગયેલ, પછી સરપંચના કહેવાથી મેં તેમાં સહી કરી આપેલી. એ વાત ખરી નથી કે આવો કોઇ બનાવ બનેલ ન હોવા છતાં, ખોટી ફરીયાદ કરેલી હોય તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું. "

(૧૩) આ કામે સાહેદ સુધાબેન ધનશ્યામભાઇ ચુનારાને આંક-૧૩ થી તપાસવામાં આવેલા છે. જેઓ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

"બનાવ કઇ તારીખે બનેલો તે મને યાદ નથી. બનાવ આશરે ૧૩ મહિના પહેલા બનેલો. બનાવ ના દિવસે હું તથા મારા દિયર પ્રહલાદભાઇ, મારા સસરા શાભુ સના અને અમારા ગામના લોકો અમારા ગામ નાદોલી થી ભાવનગર ખોડીયાર મંદિરે પગપાળા દર્શન કરવા જતા હતા. આ વખતે સવારના આંઠ-નવ વાગ્યાની આસપાસ અમે બાવળીયાળી થી પહેલા અમે ભાવનગર બાજુ રોડ ની ડાબી સાઇડે ચાલી ને જતા હતા. આ વખતે ભાવનગર બાજુ થી ઇકો ગાડી આવેલી અને રોંગ સાઇડ માં આવી અમારી સાથે ચાલી ને જતા સોનલબેન ને હડફેટે લીધેલા અને તેમને શરીરે માથા થી નીચેના ભાગે ગંભીર ઇજાઓ થયેલી. સોનલબેન સાથે અકસ્માત કરનાર ઇકો ગાડી સફેદ કલર ની હતી. ત્યારબાદ સોનલબેન ને દવાખાને લઇ ગયેલા, જયાં ડોકટરે સોનલબેન ને મરણ ગયેલા જાહેર કરેલા. આ ઇકો ગાડી ના નંબર શું હતા તેની મને ખબર નથી. તેમજ આ ઇકો ગાડી ના ચાલક કોણ હતા તેની મને ખબર નથી. "

સદરહું સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે,

"હું અભણ છું. અમે પગપાળા ઘણા બધા માણસો ચાલી ને જતા હતા. એ વાત ખરી છે કે મેં પોલીસ ને એવુ લખાવેલ નથી કે સફેદ કલર ની ગાડી હતી. બનાવ બન્યો પછી મને પોલીસે કયાંય બોલાવેલ નથી. "

(૧૪) આ કામે સાહેદ મંજુલાબેન મનુભાઇ ચુનારાને આંક-૧૬ થી તપાસવામાં આવેલા છે. જેઓ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

"બનાવ કઇ તારીખે બનેલો તે મને યાદ નથી. બનાવ આશરે બારેક મહિના પહેલા બનેલો. બનાવ ના દિવસે હું તથા મારા પતિ મનુભાઇ તથા અમારા ગામના લોકો અમારા ગામ નાદોલી થી ભાવનગર ખોડીયાર મંદિરે પગપાળા દર્શન કરવા જતા હતા. આ વખતે સવારના નવ વાગ્યાની આસપાસ અમે બાવળીયાળી થી પહેલા અમે ભાવનગર બાજુ થી એક ટ્રક આવતી હતી અને આ ટ્રક ની પાછળ થી એક ઇકો ગાડી આ ટ્રકની કટ મારવા ગયેલી અને અમારી સાથે ચાલીને આવતા સોનલબેન સાથે ભટકાડી દીધેલી. ટકકર મારતા સોનલબેન બેભાન થઇ ગયેલા અને તેને દવાખાને લઇ ગયેલા. આ ઇકો ગાડી આગળ જઇ ને ઉભી રહેલી અને તેના ચાલક ઇકો ગાડી મુકી ત્યાંથી નાસી છુટેલા. આ ઇકો ગાડી ના નંબર શું હતા તે મને યાદ નથી. આ ઇકો ગાડી ના ડ્રાઇવર ને મેં જોયેલો નથી કે ઓળખી શકુ તેમ નથી. ત્યારબાદ સોનલબેન ને દવાખાને લઇ ગયેલા, જયાં ડોકટરે સોનલબેન ને મરણ ગયેલા જાહેર કરેલા. આથી વિશેષ હું કંઇ કહેવા માંગતી નથી. "

સદરહું સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે,

"અમે પગપાળા ઘણા બધા માણસો ચાલી ને જતા હતા. એ વાત ખરી છે કે ઇકો ગાડી કોણ ચલાવતુ હતુ તે હું ઓળખુ નહિં અને તે કોણ ચલાવતુ હતુ તેની પણ મને ખબર નથી અને હું તેને ઓળખી શકુ નહિં. "

(૧૫) આ કામે સાહેદ મનુભાઇ નટુભાઇ ચુનારાને આંક-૧૭ થી તપાસવામાં આવેલા છે. જેઓ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

"બનાવ કઇ તારીખે બનેલો તે મને યાદ નથી. બનાવ આશરે એક-દોઢ વર્ષ પહેલા બનેલો. બનાવ ના દિવસે હું તથા મારા પત્ની મંજુલાબેન તથા અમારા ગામના લોકો અમારા ગામ નાદોલી થી ભાવનગર ખોડીયાર મંદિરે પગપાળા દર્શન કરવા જતા હતા. આ વખતે સવારના આંઠ-નવ વાગ્યાની આસપાસ અમે બાવળીયાળી થી પહેલા અમે ભાવનગર બાજુ થી એક ટ્રક આવતી હતી અને આ ટ્રક ની પાછળ થી એક ઇકો ગાડી આ ટ્રકની ઓવરટેક મારેલી અને અમારી સાથે ચાલીને આવતા સોનલબેન સાથે ભટકાડી દીધેલી. ત્યારબાદ સોનલબેન ને દવાખાને લઇ ગયેલા. આ ઇકો ગાડી આગળ જઇ ને ઉભી રહેલી અને તેના ચાલક ઇકો ગાડી મુકી ત્યાંથી નાસી છુટેલા. આ ઇકો ગાડી ના નંબર શું હતા તે મને યાદ નથી. આ ઇકો નો ડ્રાઇવર દારૂ પીધેલી હાલતમાં હતો તેવુ મેં જાણેલુ પરંતુ આ ઇકો ગાડી ના ડ્રાઇવર ને મેં જોયેલો નથી કે ઓળખી શકુ તેમ નથી. ત્યારબાદ સોનલબેન ને દવાખાને લઇ ગયેલા, જયાં ડોકટરે સોનલબેન ને મરણ ગયેલા જાહેર કરેલા. આથી વિશેષ હું કંઇ કહેવા માંગતો નથી. "

સદરહું સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે,

"અમે પગપાળા ઘણા બધા માણસો ચાલી ને જતા હતા. એ વાત ખરી છે કે ઇકો ગાડી કોણ ચલાવતુ હતુ તે હું ઓળખુ નહિં અને તેના નંબર શું હતા તે પણ હું કહી શકું નહિ."

(૧૬) આ કામે સાહેદ રમીલાબેન પ્રહલાદભાઇ ચુનારાને આંક-૧૮ થી તપાસવામાં

આવેલા છે. જેઓ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

"બનાવ કઇ તારીખે બનેલો તે મને યાદ નથી. બનાવ આશરે આંઠેક મહિના પહેલા બનેલો. બનાવ ના દિવસે હું અમારા ગામના લોકો સાથે અમારા ગામ નાદોલી થી ભાવનગર ખોડીયાર મંદિરે પગપાળા દર્શન કરવા જતા હતા. આ વખતે સવારના નવ વાગ્યાની આસપાસ અમે બાવળીયાળી થી પહેલા અમે ભાવનગર બાજુ થી એક ટ્રક આવતી હતી અને આ ટ્રક ની પાછળ થી એક ઇકો ગાડી આ ટ્રકની ઓવરટેક કરવા ગયેલી અને અમારી સાથે ચાલીને આવતા સોનલબેન ને ટકકર મારી દીધેલી. ટકકર મારતા સોનલબેન ત્યાં જ અવસાન પામેલા. આ ઇકો ગાડી આગળ જઇ ને ઉભી રહેલી અને તેના ચાલક ઇકો ગાડી મુકી ત્યાંથી નાસી છુટેલા. આ ઇકો ગાડી સફેદ કલરની હતી. આ ઇકો ગાડી ના નંબર શું હતા તે મને યાદ નથી. આ ઇકો ગાડી ના ડ્રાઇવર ને મેં જોયેલો નથી કે ઓળખી શકુ તેમ નથી. ત્યારબાદ સોનલબેન ને દવાખાને લઇ ગયેલા, જયાં ડોકટરે સોનલબેન ને મરણ ગયેલા જાહેર કરેલા. આથી વિશેષ હું કંઇ કહેવા માંગતી નથી."

સદરહું સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે,

"અમે પગપાળા ઘણા બધા માણસો ચાલી ને જતા હતા. એ વાત ખરી છે કે ઇકો ગાડી કોણ ચલાવતુ હતુ તે હું ઓળખુ નહિં અને તેના નંબર શું હતા તેની મને ખબર નથી."

(૧૭) આ કામે સાહેદ પ્રહલાદભાઇ છગનભાઇ ચુનારાને આંક-૧૯ થી તપાસવામાં આવેલા છે. જેઓ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

"બનાવ કઇ તારીખે બનેલો તે મને યાદ નથી. બનાવ આશરે બાર-ચૌદ મહિના પહેલા બનેલો. બનાવ ના દિવસે હું અમારા ગામના લોકો સાથે અમારા ગામ નાદોલી થી ભાવનગર ખોડીયાર મંદિરે પગપાળા દર્શન કરવા જતા હતા. આ વખતે સવારના સમયે અમે બાવળીયાળી થી પહેલા અમે પહોંચતા ભાવનગર બાજુ થી એક ટ્રક આવતી હતી અને આ ટ્રક ની પાછળ થી એક ઇકો ગાડી આ ટ્રકની ઓવરટેક કરેલી અને અમારી સાથે ચાલીને આવતા સોનલબેન ને ટકકર મારી દીધેલી. ટકકર મારતા સોનલબેન ત્યાં જ અવસાન પામેલા. આ ઇકો ગાડી આગળ જઇ ને ઉભી રહેલી અને તેના ચાલક ઇકો ગાડી મુકી ત્યાંથી નાસી છુટેલા. આ ઇકો ગાડી સફેદ કલરની હતી. આ ઇકો ગાડી ના નંબર શું હતા તે મને યાદ નથી. આ ઇકો ગાડી ના ડ્રાઇવર ને મેં જોયેલો નથી કે ઓળખી શકુ તેમ નથી. ત્યારબાદ સોનલબેન ને દવાખાને લઇ ગયેલા, જયાં ડોકટરે સોનલબેન ને મરણ ગયેલા જાહેર કરેલા. આથી વિશેષ હું કંઇ કહેવા માંગતો નથી. "

સદરહું સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે,

"અમે પગપાળા ઘણા બધા માણસો ચાલી ને જતા હતા. એ વાત ખરી છે કે ઇકો ગાડી કોણ ચલાવતુ હતુ તે હું ઓળખુ નહિં અને તેના નંબર શું હતા તેની મને ખબર નથી."

(૧૮) આ કામે ત.ક.અ. પરેશાબેન દિનેશકુમાર જાનીને આંક-૨૪ થી તપાસવામાં આવેલા છે. જેઓ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

"ગઇ તા. ૦૧/૧૦/૨૦૨૪ ના રોજ અમો ધોલેરા પોલીસ સ્ટેશન માં પી.આઇ. તરીકે મારી ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન ધોલેરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૨૪૩/૨૦૨૪, બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી. એકટ ની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ (બી) મુજબના ગુનાની તપાસ અમો ને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલી. તપાસના સાધનીક કાગળો વંચાણે લેતા ધોલેરા પો.હે.કો. નરેશભાઇ ભીખુભાઇ નાઓએ સદર ગુનાના

કામે વરધી મળતા ઇન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ તે મને મળેલુ તેમજ તેઓની રૂબરૂ ની ફરીયાદ લીધેલી તે મને તપાસ માં મળેલી. અમોએ તપાસના કામે પંચોની હાજરીમાં ગુના વાળી જગ્યાનું પંચનામુ કરેલુ તેમજ લાગતા વળગતા સાહેદોના તેઓના લખાવ્યા મુજબના નિવેદનો નોંધેલા. તપાસના કામે અમોએ મરણ જનાર ની પી.એમ. નોટ આવી જતા તપાસના કામે સામેલ રાખેલી તેમજ ગુનાના કામે આરોપીને અટક કરી જામીન મુકત કરેલ અને તે મતલબનું વિગતવારનું પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. મને આંક- ૮ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે બનાવ વાળી જગ્યાનું પંચનામુ છે જેમાં પંચોની તથા રૂબરૂ માં મારી સહી છે જે ઓળખી બતાવુ છું. મને આંક-૨૨ વાળુ ઇન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચો ની તથા રૂબરૂ માં નરેશભાઇ ભીખુભાઇ ની સહી છે જે મને તપાસના કામે મળેલ તે જ છે જે ઓળખી બતાવુ છું. મને આંક-૨૩ વાળી પી.એમ. નોટ બતાવવામાં આવે છે જેમાં મેં તપાસના કામે મેળવેલ તે જ છે જે ઓળખી બતાવુ છું.

તપાસના કામે અમોએ ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે સ્થળ પરિક્ષણ અહેવાલ તૈયાર કરવા યાદી કરતા તા. ૦૪/૧૦/૨૦૨૪ ના રોજ સાઇન્ટીફીક ઓફીસર દ્વારા સ્થળ પરિક્ષણ અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે મેં ચાર્ઝશીટ સાથે સામેલ રાખેલ. હું આજરોજ મારી સાથે અસલ સ્થળ પરિક્ષણ અહેવાલ લાવેલ છું જે રજુ કરુ છું જે રજુ દા.આંક- ૨૫. તેમજ તપાસના કામે આર.ટી.ઓ. કચેરી ને વાહન પરીક્ષણ માટે રીપોર્ટ કરવા યાદી કરવામાં આવેલ જે અનુસંધાને તા. ૦૩/૧૦/૨૦૨૪ ના રોજ આર.ટી.ઓ. ઇન્સ્પેકટર દ્વારા વાહન નું પરીક્ષણ કરી તા. ૦૯/૧૦/૨૦૨૪ ના રોજ એકસીડનટ ઇન્સ્પેકશન રીપોર્ટ રજુ કરવામાં આવેલ. હું આજરોજ મારી સાથે એકસીડન્ટ ઇન્સ્પેકશન રીપોર્ટ સાથે લાવેલ છું જે રજુ કરુ છું જે રજુ દા.આંક–૨૬.

બનાવ ની ટુંક માં હકીકત એવી છે કે ફરીયાદી અને તેમના પત્ની તથા બીજા લોકો ભાવનગર ખોડીયાર માતા ના મંદિરે દર્શન કરવા સારુ ચાલીને જતા હતા ત્યારે બાવળીયાળી નજીક એક ઇકો ગાડી નં. જી.જે. ૧૭ એન. ૭૩૪૮ ના ચાલકે ફરીયાદી ના પત્ની સોનલબેન રાજેશભાઇ ચુનારા કે જેઓ ચાલી ને જતા હતા તેઓની સાથે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી હડફેટે લઇ અકસ્માત કરેલો. વાહન નંબર ઉપર થી તપાસ કરતા અને પોલીસ રૂબરૂ ની કબુલાત માં આરોપી પોતે જ વાહન ચલાવતો હોવાનું કબુલ કરેલુ. તપાસના કામે અમોએ આરોપી પાસેથી વાહન ની આર.સી. બુક ની નકલ, વીમા પોલીસી તથા પી.યુ.સી. ની નકલ મેળવેલી જે હું આજરોજ રજુ કરુ છું જે અનુક્રમે રજુ દા.આંક- ૨૭ થી આંક-૨૯. તપાસના અંતે આરોપી સામે પુરતા પુરાવા હોય, નામ. કોર્ટ માં ચાર્ઝશીટ કરેલુ.

સદરહું સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે,

"એ વાત ખરી છે કે કહેવાતી બનાવ વાળી જગ્યા જાહેર હાઇવે રોડ છે. એ વાત ખરી છે કે બનાવ સમયે હાઇવે રોડ નું કામ ચાલુ હતુ. સાહેદ જણાવે છે કે તે ચોકકસ જગ્યાએ ચાલુ હતુ કે કેમ તે કહી શકુ તેમ નથી. એ વાત ખરી નથી કે તૈયાર પંચનામા માં પાછળ થી પંચોની સહીઓ કરાવેલી છે. એ વાત ખરી છે કે આ કામે ફરીયાદી અને ફરીયાદી સાથે ના માણસો ના નિવેદન લીધેલા છે, તે સીવાય અન્ય કોઇ ના સ્વતંત્ર સાહેદો ના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી ની ફરીયાદ અનુસાર સાહેદો ના નિવેદનો મારી જાતી લખી લીધેલા છે. એ વાત ખરી નથી કે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્ઝશીટ કરેલુ છે. "

(૧૯) **<u>પુરાવાનું મુલ્યાંકન:-</u>**

સદરહું કામે રજુ થયેલ ફરીયાદ પક્ષનો પુરાવો વંચાણે લેતાં, આંક-૧૧ થી તપાસેલા ફરીયાદી રાજેશભાઇ કનુભાઇ ચુનારાનાઓ બનાવ તા. ૦૧/૧૦/૨૦૨૪ ના

રોજ બનેલાની હકીકત જણાવે છે. સદરહું બનાવ કેટલા વાગે બનેલો તેવી કોઇ હકીકત ફરીયાદી તેઓના પુરાવામાં જણાવતા નથી. તદુપરાંત, ફરીયાદ પક્ષે આંક-૧૩ થી તપાસેલા સાહેદ સુધાબેન ધનશ્યામભાઇ ચુનારા પણ બનાવ કઇ તારીખે બનેલો તે તેઓને યાદ ન હોવાનું પરંતુ આશરે ૧૩ મહીના પહેલા બનેલાનું જણાવે છે. આંક-૧૬ થી તપાસવામાં આવેલા સાહેદ મંજુલાબેન પણ બનાવ કઇ તારીખે બનેલો તે યાદ ન હોય પરંતુ બારેક મહીના પહેલા બનેલાનું તેમના પુરાવામાં જણાવે છે. આંક-૧૭ થી તપાસેલા સાહેદ મનુભાઇ નટુભાઇ પણ તેઓના પુરાવામાં બનાવની તારીખ તેઓને યાદ ન હોવાનું જણાવતા હોય પરંતુ આશરે એક દોઢ વર્ષ પહેલા બનાવ બનેલો છે તેવું જણાવતા હોય તેમજ આંક-૧૮ થી તપાસેલા સાહેદ રમીલાબેન પણ બનાવ આશરે આઠેક મહીના પહેલા બનેલો પરંતુ કઇ તારીખે બનેલો તે તેઓને યાદ ન હોવાનું તેઓના પુરાવામાં જણાવે છે. ઉપરાંતમાં, આંક-૧૯ ના સાહેદ પ્રહલાદભાઇ છગનભાઇ ચુનારાનાઓ પણ બનાવ બાર-ચૌદ મહીના પહેલા બનેલ પરંતુ કઇ તારીખે બનેલ તે યાદ ન હોવાનું તેઓ જણાવે છે. આમ, હાલના કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોનો પુરાવો જોતાં, ફકત ફરીયાદી બનાવ તા. ૦૧/૧૦/૨૦૨૪ ના રોજ બનેલો તેવું તેમના પુરાવામાં જણાવે છે જયારે અન્ય સાહેદો કે જેઓ ફરીયાદી સાથે હાજર હતા તેમ છતાં બનાવના સમય બાબતે કોઇ ચોકકસ હકીકત તેઓના પુરાવામાં જણાવતા નથી. તદુપરાંત, હાલના કામે આંક-૨૩ થી રજુ પી.એમ. નોટ જોતાં જેમાં ફરીયાદીના પત્ની મરણ જતાં તેઓના શબનું પરીક્ષણ કરવામાં આવેલ જે પરીક્ષણ તા. ૦૧/૧૦/૨૦૨૪ રોજ શરૂ કરવામાં આવેલાનું જણાઇ આવે છે. આથી, બનાવ તા. ૦૧/૧૦/૨૦૨૪ ના રોજ બનેલાની હકીકત રેકર્ડ પર આવે છે. ઉપરાંતમાં, ફરીયાદીનો પુરાવો વંચાણે લેતાં તેઓ જણાવે છે કે, બનાવ ના દિવસે સવારના નવ વાગ્યાની આસપાસ તેઓ બાવળીયારીથી અડધો કી.મી. દુર હતા અને ભાવનગર બાજુ રોડની ડાબી બાજુ ચાલીને જતા હતા તે વખતે સામેથી એક ટ્રકની ઓવરટેક કરીને ઇકો ગાડી વાળાએ આવી અકસ્માત કરેલો તેવી હકીકત તેઓ જણાવે છે. આંક-૧૩ થી તપાસેલા સાહેદ પણ સવારના આઠ થી નવ વાગ્યાની આસપાસ ચાલીને જતા હતા ત્યારે

અકસ્માત થયેલો તેવી હકીકત જણાવે છે. આંક-૧૬ થી તપાસેલા સાહેદ મંજુલાબેન પણ સવારના નવ વાગ્યાની આસપાસ તેઓ ચાલીને ભાવનગર રાજપરા મંદિર ખાતે દર્શન કરવા જતા હતા ત્યારે ઇકો ગાડીએ ટ્રકની ઓવરટેક કરતાં અકસ્માત થયેલ તેવી હકીકત જણાવેલી છે. ઉપરાંતમાં, આંક-૧૭ થી તપાસેલા સાહેદ મનુભાઇ નટુભાઇ પણ સવારના આઠ નવ વાગ્યાની આસપાસ તેઓ ચાલીને જતા હતા ત્યારે અકસ્માત થયેલ તેમ જણાવે છે જયારે આંક-૧૮ થી તપાસેલા સાહેદ રમીલાબેન પણ સવારના નવ વાગ્યાની આસપાસ પગપાળા દર્શન કરવા જતા હતા ત્યારે અકસ્માત થયેલ તેમ જણાવે છે જયારે આંક-૧૯ થી તપાસેલા સાહેદ પ્રહલાદભાઇ છગનભાઇ પણ તેઓ સવારના સમયે દર્શન કરવા જતા ત્યારે અકસ્માતનો બનાવ બનેલો તેવી હકીકત જણાવે છે. જયારે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં તા.૦૧/૧૦/૨૦૨૪ ના રોજ સવારના ૯.૩૦ નો સમયે અકસ્માત બનેલો તેવું એફ.આઇ.આર.માં જણાવેલ છે. આથી, ફરીયાદી તથા સાહેદોનો પુરાવો જોતાં તેઓ એફ.આઇ.આર. માં જણાવેલ સમયથી એકદમ નજીકનો જ સમય જણાવતા હોય, ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતાં, અકસ્માતનો બનાવ તા. ૦૧/૧૦/૨૦૨૪ ના રોજ સવારના ૮.૩૦ થી ૯.૩૦ વચ્ચે બનેલાની હકીકત ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરવામાં સફળ નીવડેલ છે. ફરીયાદીની ફરીયાદ જોતાં, બનાવ બાવળીયારી ગામ નજીક ચાલતા જતા હતા ત્યારે અકસ્માત થયેલો હતો તેવી હકીકત ફરીયાદીએ તેઓની આંક-૧૨ ની ફરીયાદમાં જણાવેલી છે જયારે ફરીયાદી તેઓની આંક-૧૧ ના પુરાવામાં પણ બાવળીયારીથી અડધો કી.મી. દુર હતા ત્યારે ઇકો ગાડી વાળાએ ટ્રકની ઓવરટેક કરી ગાડી અથડાવી દીધેલાની હકીકત જણાવેલી છે. ઉપરાંતમાં, આંક-૧૩ થી તપાસેલા સાહેદ સુધાબેન ધનશ્યામભાઇ ચુનારા તથા આંક-૧૬ થી તપાસેલા સાહેદ મંજુલાબેન મનુભાઇ ચુનારા તથા આંક-૧૭ થી તપાસવામાં આવેલા સાહેદ મનુભાઇ નટુભાઇ ચુનારા તથા આંક-૧૮ થી તપાસવામાં આવેલા સાહેદ રમીલાબેન પ્રહલાદભાઇ ચુનારા તેમજ આંક-૧૯ થી તપાસવામાં આવેલા સાહેદ પ્રહલાદભાઇ છગનભાઇ ચુનારાનાઓ પણ તેઓના પુરાવામાં બાવળીયારીથી પહેલા તેઓ ભાવનગર બાજુ રોડની ડાબી સાઇડે ચાલતા

હતા ત્યારે અકસ્માતનો બનાવ બનેલો તેવી હકીકત જણાવે છે. આથી, સદરહું અકસ્માત બાવળીયારી ગામ નજીક બનેલ હોવાનું ફરીયાદપક્ષ ના પુરાવાથી ફલીત થાય છે.

(૨૦) આ કામે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં, આંક-૦૭ થી બનાવવાળી જગ્યાએ પંચ સાહેદ નરેશભાઇ વેલાભાઇ ધરજીયા તથા આંક-૦૯ થી બનાવવાળી જગ્યાએ પંચ સાહેદ વિપુલભાઇ ગગજીભાઇ પરમારને તપાસવામાં આવેલા છે. સદરહું બંને પંચ સાહેદો પોતાના પુરાવામાં અકસ્માતવાળી જગ્યાને ઓળખી બતાવે છે. તેમજ અકસ્માત વાળી જગ્યાએથી થોડેક દુર ઇકો ગાડી પડેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે. આંક-૦૮ થી રજુ થયેલ અકસ્માત વાળી જગ્યાનું પંચનામું વંચાણે લેવામાં આવે તો, જે વિવરણ પંચોએ પોતાની જુબાનીમાં જણાવેલ છે તે મુજબની હકીકતો પંચનામામાં બનાવવાળી જગ્યાનું દર્શાવેલ છે. સદરહું બંને પંચોને બનાવવાળી જગ્યાએ હાજર ઇકો ગાડી કે જેના નંબર તેઓ જણાવી શકેલ નથી પરંતુ બનાવવાળી જગ્યાએ ઇકો ગાડી મળી આવેલ છે તેથી બનાવવાળી જગ્યા પુરવાર થયેલી છે. સદરહું અકસ્માતમાં સંડોવાયેલ વાહનના નંબર રેકર્ડ પર આવી શકેલ નથી. બીજી તરફ તા. ૦૪/૧૦/૨૦૨૫ ના રોજ એટલે કે આ પંચનામું થયાના ૨ દિવસ બાદ સાયન્ટીફીક ઓફીસર સી.બી.વાણીયા ધ્વારા સ્થળ પરીક્ષણ કરી તેનો અહેવાલ તૈયાર કરવામાં આવેલો. જે અહેવાલ આંક-૨૫ થી રજુ થયેલો છે. આ અહેવાલની હકીકતો ધ્યાને લેતાં, બનાવ વાળી જગ્યાની સચોટ માહીતી પંચનામા મુજબ ની જણાઇ આવે છે. અને બનાવવાળી જગ્યાએ ગુનામાં સંડોવાયેલ વાહન ઇકો ગાડી નંબર જી જે ૧૭ એમ ૭૩૪૮ પડેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલી છે. એટલે સદરહું ગુનામાં સંડોવાયેલ વાહન નં-જી જે ૧૭ એમ ૭૩૪૮ હોવાનું પુરવાર થયેલ છે.

(૨૧) હવે, આ કામે આંક-૧૨ થી ફરીયાદી રાજેશભાઇ કનુભાઇ ચુનારાને તપાસવામાં આવેલા છે. જેનો પુરાવો વંચાણે લેતાં, ફરીયાદી તથા તેમના પત્ની સોનલબેન તથા પોતાના કુટુંબના બીજા માણસો પોતાના ગામ નાદોલી, તાલુકો માતર જીલ્લો ખેડાથી ભાવનગર ખોડીયાર માતાના મંદીરે પગપાળા દર્શનાર્થે જતા હતા અને તે વખતે સામેથી

આવતા એક ટ્રકને ઓવરટેક કરી ઇકો ગાડી ચાલકે સદરહું ફરીયાદીના પત્ની સાથે અકસ્માત કરેલ હોવાની હકીકત જણાવેલી છે. સદરહું ફરીયાદી પણ પોતાના પુરાવામાં અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો નંબર જી જે ૧૭– ૭૩૪૮ જણાવે છે. તેવી જ રીતે આ કામે આંક-૧૩ થી તપાસેલા બીજા સાહેદ સુધાબેન ધનશ્યામભાઇ ચુનારા તથા આંક-૧૬ થી તપાસેલા સાહેદ મંજુલાબેન મનુભાઇ ચુનારા તથા આંક-૧૭ થી તપાસવામાં આવેલા સાહેદ મનુભાઇ નટુભાઇ ચુનારા તથા આંક-૧૮ થી તપાસવામાં આવેલા સાહેદ રમીલાબેન પ્રહલાદભાઇ ચુનારા તેમજ આંક-૧૯ થી તપાસવામાં આવેલા સાહેદ પ્રહલાદભાઇ છગનભાઇ ચુનારા કે જેઓ તમામ સાહેદો ફરીયાદીની સાથે જ પગપાળા રાજપરા ખોડીયાર માતાના માંદીરે દર્શન કરવા માટે જતા હતા. તેઓ તમામ સાહેદો ફરીયાદીની હકીકતને સમર્થન આપે છે અને જણાવે છે કે, ભાવનગર તરફથી એક ઇકો ગાડી રોંગ સાઇડમાં આવેલ અને ફરીયાદીના પત્ની સોનલબેનને હડફેટે લીધેલ. જો કે, આ સાહેદોએ અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો નંબર જણાવેલ ન હોય પરંતુ અકસ્માતમાં સંડોવાયેલ વાહનના નંબર અંગે ચર્ચા કરી તે મુજબ સ્થળ પરીક્ષણ અહેવાલ તથા ફરીયાદીના પુરાવાના આધારે પ્રસ્થાપિત થયેલ હોય અને ઇકો ગાડી નંબર જી જે ૧૭ એમ ૭૩૪૮ ભાવનગર તરફથી આવતા ટ્રકને ઓવરટેક કરી રોંગ સાઇડમાં આવી આ કામના ફરીયાદીના પત્ની સોનલબેનને હડફેટે લીધેલાની હકીકત પુરવાર થયેલ છે. આ હકીકતનું ખંડન કરવામાં બચાવ પક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. ફરીયાદીની ઉલટ તપાસ જોવામાં આવે તો, બચાવ પક્ષ ધ્વારા એવું સજેસ્ટ કરવામાં આવેલ છે કે, અકસ્માત ટ્રકની ભુલના કારણે બનેલો જેનો ફરીયાદીએ ઇનકાર કરેલો છે. ફરીયાદી ખુલાસામાં સ્પષ્ટપણે જણાવે છે કે, આ ઇકો ગાડી વાળો આગળ એક જગ્યાએ ઠોકીને આવેલો અને પીધેલી હાલતમાં પણ હતો. જો આ વધારાની હકીકતને અવગણવામાં આવે તો પણ અકસ્માત સદરહું ઇકો ગાડીના ચાલકની બેદરકારીને કારણે બનેલો તે હકીકતનું ખંડન થઇ શકેલ નથી. આવા સંજોગોમાં સદરહું બનાવ ગુનામાં સંડોવાયેલ ઇકો ગાડી નંબર-જી જે ૧૭ એમ ૭૩૪૮ ના ચાલકની બેદરકારીના કારણે બનેલો છે તે હકીકત નિશંકપણે પુરવાર થાય છે.

(૨૨) હવે, આ કામે જયારે વાહન ચાલકની બેદરકારી પુરવાર થયેલી હોય ત્યારે આરોપીની ઓળખ અંગે જોવામાં આવે તો, હાલના કામે આંક-૧૧ થી તપાસેલા ફરીયાદીએ તેઓના પુરાવામાં જણાવેલ છે કે, અકસ્માત કરનાર ઇકો ગાડીનો ચાલક પોતાની ઇકો ગાડી મુકીને ત્યાંથી જતો રહેલો અને અકસ્માત કરનાર વાહન ચાલકનું નામ તેઓએ પાછળથી પણ જાણેલ નહીં તેવી હકીકત ફરીયાદી જણાવે છે. આથી, ફરીયાદીએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, અકસ્માત કરનાર ગાડીનો ચાલક ગાડીની ચાવી અને આધાર કાર્ડ મુકી જતો રહેલો જે ચાવી અને આધાર કાર્ડ તેઓએ પોલીસ સ્ટેશનમાં આપેલ તેમ ફરીયાદી જણાવે છે જયારે બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ આધાર કાર્ડ અને ગાડીની ચાવી પોલીસ સ્ટેશનમાં આપેલી તે તેઓને યાદ ન હોવાનું જણાવે છે. ઉપરાંતમાં, ફરીયાદ પક્ષે આંક-૧૩ થી તપાસેલા બીજા સાહેદ સુધાબેન ધનશ્યામભાઇ ચુનારા તથા આંક-૧૬ થી તપાસેલા સાહેદ મંજુલાબેન મનુભાઇ ચુનારા તથા આંક-૧૭ થી તપાસવામાં આવેલા સાહેદ મનુભાઇ નટુભાઇ ચુનારા તથા આંક-૧૮ થી તપાસવામાં આવેલા સાહેદ રમીલાબેન પ્રહલાદભાઇ ચુનારા તેમજ આંક-૧૯ થી તપાસવામાં આવેલા સાહેદ પ્રહલાદભાઇ છગનભાઇ ચુનારા નાઓ કે જેઓ અકસ્માત વખતે ફરીયાદી સાથે હતા તેઓ પણ ઇકો ગાડીના ચાલક કોણ હતા તે હકીકતની તેઓને ખબર ન હોવાનું જણાવે છે. આથી, હાલના કામે ફરીયાદી તેમજ ફરીયાદી સાથે સ્થળ ઉપર હાજર રહેલા નજરે જોનાર સાહેદો આરોપીને ઓળખી શકેલ નથી. તદુપરાંત, હાલના કામે ફરીયાદી તથા સાહેદોની બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો, તેમાં તેઓ અકસ્માત સમયે ઘણા માણસો ભેગા થઇ ગયેલાની હકીકત જણાવે છે. આથી, બનાવ બન્યો ત્યારે ત્યાં હાજર કોઇ વ્યકિતએ આરોપીને ત્યાં હાજર જોયેલ હોય તેવું ફરીયાદ પક્ષ તેઓના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. ઉપરાંતમાં, ત.ક.અ. ખુદ કબુલ રાખે છે કે, હાલના કામે ફરીયાદી તથા તેઓની સાથેના માણસોના નિવેદનો લીધેલા છે પરંતુ અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી તેમ તેઓ કબુલ રાખે છે. અન્ય કોઇ સાહેદોના નિવેદનો કેમ લેવામાં આવેલ નથી તે બાબતે કોઇ ફોડ ત.ક.અ. તરફથી પાડવામાં આવેલ નથી.

આ કામે તપાસ કરનાર અમલદાર પોતાના પુરાવામાં જણાવે છે કે આરોપીએ તેઓ પોતે વાહન ચલાવતા હોવાનું પોતાની રૂબરૂ કબુલ કરેલુ છે, પરંતુ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પોલીસ રૂબરૂ ની કબુલાત પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહિં અને આવી કબુલાત પુરવાર કરવા માટે પરવાનગી પણ આપી શકાય નહિં.

(૨૩) આ કામે ફરીયાદ પક્ષે આરોપી સામે બી.એન.એસ.ની કલમ-૨૮૧ મુજબનો ગુન્હો પુરવાર કરવા માટે બનાવ સમયે આરોપી વાહન જાતે ચલાવી રહયા હતા તેમજ બનાવ સમયે આરોપી કુલ સ્પીડ, બેદારકારી ભરી રીતે, માનવજીવન જોખમાય તેમ અને ઈજા પહોંચે તેમ ચલાવી રહતા હતા તેમ પુરવાર કરવું પડે છે. હાલના કામે અકસ્માત માં સંડોવાયેલ વાહન ના ચાલકની બેદરકારી છતી થાય છે પરંતુ આ વાહન ચાલકની ઓળખ પુરવાર થતી નથી. હાલના કામના આરોપી જ અકસ્માતમાં સંડોવાયેલ વાહન હંકારતા હતા તે ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. આથી, હાલના કામે તપાસવામાં આવેલા ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી આરોપીની ઓળખ પુરવાર થતી નથી. ઉપરાંતમાં, સદરહું અકસ્માતમાંથી ફરીયાદીના પત્ની સોનલબેનનું અવસાન થયેલ છે અને સદરહું અકસ્માત ઇકો ગાડી નં-જી જે ૧૭ એમ ૭૩૪૮ થી થયેલ તે પણ ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ નીવડેલ છે પરંતુ અકસ્માતમાં આરોપીની ઓળખ પુરવાર થતી નથી. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

-: હુકમ :-

૧) હાલના કામના આરોપી નવલસંગ ઉર્ફે અતુલ કુંવરસંગ બોરીયા, ઉ.વ. ૩૨,રહે. પ્લોટ નં-૧૧૫, રાજેશ્વરી પાર્ક, નારી ગામ, તા. જી. ભાવનગર વાળાને બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૧(૧) ની જોગવાઇઓ મુજબ બી.એન.એસ. ની કલમ-૨૮૧, ૧૦૬(૧) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાના લાભ સાથે છોડી મુકવાનો હુકમ કરવામાં

આવે છે.

૨) આરોપીએ બી.એન.એસ.એસ. ની કલમ ૪૮૧ અન્વયે રૂ. ૫,૦૦૦/- ના અપીલ સમય ના જામીન રજુ કરવા.

આ હુકમ તા. ૧ લી, માહે એપ્રીલ, સને. ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
LAKHANI PIYUSHKUMAR N
at Principal Civil Court, Dholera
on 01/04/2026 17:51:25 IST.

Date:01/04/2026 **(Mr. Piyush Navinbhai Lakhani)**

Place: Dholera

Principal Civil Judge and
Judicial Magistrate First Class
Dholera, Dist. Ahmedabad(Rural)
Judge Code GJ01565

Visit ecourts.gov.in for updates or download mobile app "eCourts Services" from Android or iOS